# રક્ષા શક્તિ યુનિવર્સિટી

## કરાર આધારિત લાયબ્રેરી આસિસ્ટન્ટ ની જગ્યા માટેના લાયકાતના ધોરણો.

**વય મર્યાદા :-**

- ઉમેદવાર ૧૮ વર્ષ થી વધુ વય ધરાવતો હોવો જોઈએ.

**શૈક્ષણિક લાયકાત :-**

- ઉમેદવાર નીચે દર્શાવેલ વિગત અનુસાર શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ .

(૧) ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ, ૧૯૫૬ના સેક્શન ૩ હેઠળ પ્રસ્થાપિત થયેલ યુનિવર્સિટીમાંથી સ્નાતક કક્ષાની શૈક્ષણિક ડિગ્રી અથવા સરકાર માન્ય સમકક્ષ પરીક્ષા ઉતિર્ણ કરેલ હોવા જોઈએ.

(૨) ઉમેદવાર ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અથવા તો ગ્રંથાલય વિજ્ઞાનની સ્નાતકની ડિગ્રી ધરાવતા હોવા જોઇએ.

**અન્ય લાયકાત :-**

(૧) ઉમેદવારને ગુજરાતી ભાષાનું પુરતું અને અંગ્રેજી તેમજ હિન્દી ભાષાનું પ્રાથમિક જ્ઞાન હોવું જોઈએ.

(૨) ઉમેદવારને કોમ્પ્યુટરમાં M.S.Office અને ઈન્ટરનેટનું પુરતું જ્ઞાન હોવું જોઈએ.

**કુશળતા કસોટી (Skill Test) :-**

- લાયબ્રેરી આસિસ્ટન્ટ સંવર્ગની કરાર આધારિત જગ્યાના વોક-ઇન-ઇન્ટરવ્યુ માટે ઉમેદવારને શોર્ટ લીસ્ટ કરવા સામાન્ય અભ્યાસ, ભાષા અને ગ્રંથાલય વિજ્ઞાનના વિષયને લગતી લેખિત પરીક્ષા લેવામાં આવશે જેમાં ઉતિર્ણ થયેલ ઉમેદવાર વોક-ઇન-ઇન્ટરવ્યુ માટે પાત્ર ગણાશે. લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુના ગુણ ના આધારે ઉમેદવારની આખરી પસંદગી કરવામાં આવશે.

**અનુભવ :-** કોમ્પ્યુટરાઈઝડ લાયબ્રેરી અથવા તો લાયબ્રેરી ટ્રેઈની તરીકેનો અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

**પગાર :-** પ્રથમ કરાર આધારિત નિમણુંક માટે <u>રૂ. ૧૫૦૦૦/-</u> (રૂ.પંદર હજાર) પ્રતિ માસ.

**વિશેષ નોંધ :-** લાયબ્રેરી આસિસ્ટન્ટ સંવર્ગના વોક-ઇન-ઇન્ટરવ્યુ દરમ્યાન જાહેરાતમાં દર્શાવેલ કુલ કરાર આધારિત ભરવાપાત્ર જગ્યાઓ(સંખ્યા) પૈકી એક પણ નહિ અથવા તો રક્ષા શક્તિ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની જગ્યા ભરવાનો અબાધિત અધિકાર રક્ષા શક્તિ યુનિવર્સિટીનો રહેશે.જે બાબતે કોઇપણ પસંદગી પામેલ કે પ્રતીક્ષા યાદીના ઉમેદવાર કોઇપણ જાતનો વાંધો ઉઠાવી શકશે નહિ તેમજ દાવો પણ રજુ કરી શકશે નહિ.